


## સલામી સવારની..

*ચિનગારી ચાંપનારા જ હવે આગ બૂઝાવશે!*
*ઘાવ કરનારા જ હવે જખમોને રૂઝાવશે!*
*બજાવવી પડશે એમને જ કડવી ફરજ -*
*હાર્યા છતાં, 'વિજય-નીતિ'ની ભૂમિકા ભજવશે!*
*(શપથવિધિ - પક્ષનું પાણી-ઢોળ)*

હાઈકુ

*અપરાધીનાં,*
*મહાત્માનાં મંદિરે -*
*ધોવાય પાપ...*

*ખેલાયા ખેલ*
*ખટપટમાં, ધાર્યું*
*ધણીનું થાય!*

### ચિંતન

**નક્ષત્રભૂષણં ચન્દ્રો નારીણાં ભૂષણં પતિઃ ।**
**પૃથ્વિભૂષણં રાજા વિદ્યા સર્વસ્ય ભૂષણમ્ ॥**

નક્ષત્રોનું આભૂષણ ચંદ્ર છે. સ્ત્રીઓનું આભૂષણ પતિ છે. પૃથ્વીનું આભૂષણ રાજા છે. વિદ્યા બધાનું આભૂષણ છે.

માણસ ગમે તેટલો ધનિક-સમૃદ્ધ હોય, ઊંચા સ્થાન-પદ-સત્તા પર હોય, અનેક 'ડિગ્રી'ઓનો યેનકેન પ્રકારે માલિક હોય પણ 'બુદ્ધિ' - 'સાચી સમજ' - વ્યવહાર જ્ઞાન જેને 'સત્ય' કહેવાય એવી 'વિદ્યા' એની પાસે ન હોય તો એ પોતાની વાણી-વર્તનથી પલભરમાં મપાઈ જાય છે અને સામેની વ્યક્તિ સમજી જાય છે કે આ 'ચણો' વાગે છે એટલું જ બાકી અંદરથી 'પોલો' છે. 'ખાલી ચણો વાગે ગણો.'

વિદ્યા જ સાચું આભૂષણ છે.

### સુવિચાર

- કુદરતે આપેલા દુઃખ એ જીવનની પરીક્ષા છે, પણ પોતે ઊભું કરેલું દુઃખ એ શિક્ષા છે - **જનકલ્યાણ**
- પોતાના મનગમતા કામને તો મૂર્ખ પણ પાર પાડી શકે, પણ દરેક કામને મનગમતું બનાવી શકે તે બુદ્ધિશાળી - **હરકિસન મહેતા**
- બધુ જ આપી શકાતું નથી, બધું જ પામી શકાતું નથી, ને જ મળ્યું હોય એના માટે આટલી હાયવોય શા માટે?- **રમેશ ઓઝા**
- આમ કેમ છે તે સમજવું, જો સમજાય તો સત્ય સ્વીકારવું અને એ જો આપણી વિરુદ્ધ હોય તો પોતાની માન્યતા બદલવા તૈયાર રહેવું - **ભૂપત વડોદરિયા**
- પીડા એ મનુષ્યને ચેતવણી આપવા માટે કુદરતે રચેલી વ્યવસ્થા છે - **કાંતિ ભટ્ટ**
- હે પ્રભુ!! તારી પ્રાપ્તિ અમને ભલે ન થાય, તારી પ્રતિક્ષા રહે તોય ઘણું - **કૃષ્ણમૂર્તિ**
- આજનું ઔષધ : કેરીની ગોટલીના પાઉડરથી મોં ધાવાથી ખીલ મટે છે **(દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ આપણા નેતાશ્રીઓ-પ્રધાનોને તો કોઈ કાયદા-નિયમ નડતા નથી - એમને કોઈ કાયદાનું પાલન કરવાનું ન હોય! 'વીઆઈપી'નો પરવાનો હોય છે. કોઈ નિયમ પાલનનો આગ્રહ રાખે - રખાવે તો 'સસ્પેંડ'.

પંડિત જવાહરલાલજી નહેરુને જમ્યા પછી એક સિગારેટ પીવાની ટેવ હતી. ૧૯૫૮માં સ્વતંત્ર ભારતના વડાપ્રધાન તરીકે હરિદ્વાર પાસે ગુરુકુળ-કાંગડીમાં દિક્ષાંત સમારોહમાં ગયા હતા. સમારોહ પછી ભોજન કર્યું. ટેવ મુજબ જવાહરલાલે તેમના સેક્રેટરી દિક્ષીત બાબુ પાસે 'સિગાર' માગી. બાજુમાં જ ગુરુકુળના અધિક્ષક ઊભા હતા તેમને કહ્યું, આ કેમ્પસમાં ધ્રૂમપાન કરવાની મનાઈ છે.

સેક્રેટરી કહે - સાહેબ તો વીઆઈપી વડા કહેવાય એમને આમાંથી મુક્તિ મળવી જોઈએ!

પંડિતજી વચ્ચે જ તરત બોલ્યા - ગુરુકુળનો નિયમ એટલે નિયમ, એનો આપણામાંથી ભંગ ના થાય! કડી - આરામ માટે ચાલ્યા ગયા!

# રૂપાણી-પટેલનું વિજયલક્ષી મંત્રીમંડળ!

**તંત્રીસ્થાનેથી...**

આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી નજર સમક્ષ રાખીને ગુજરાતના નવા મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ આનંદીબેન મંત્રીમંડળમાં ધરખમ ફેરફારો કર્યા છે. અલબત્ત આ ફેરફારો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની સ્ક્રિપ્ટ મુજબના જ હશે, એમાં શંકાને સ્થાન નથી. અગાઉના મંત્રીમંડળની જેમ રૂપાણી મંત્રીમંડળમાં આઠ કૅબિનેટ મંત્રીઓ સમાવાયેલ છે, જેમાં નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રીનો દરજ્જો હોવા ઉપરાંત અગાઉનાં મોદીમંડળ તથા આનંદીબેન મંત્રીમંડળની જેમ 'નંબર ટુ' નું એમનું સ્થાન અકબંધ રહ્યું છે, પણ દરજ્જો નાયબ મુખ્યમંત્રીનો અપાયો છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પાર્ટીનો ક્ષત્રિય ચહેરો છે. બધા સમુદાયોનું સમ્યક્ પ્રતિનિધિત્વ જાળવવાની રૂએ એમને મુખ્યમંત્રી - નાયબ મુખ્યમંત્રી પછી ત્રીજા નંબરનું સ્થાન મળ્યું છે. એમને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બનાવવાની ઑફરનો 'બાપુ' એ સવિનય અસ્વીકાર કર્યો હોવાનું જાણવા મળે છે. સૌરભ પટેલ તો મુખ્યમંત્રી પદના હરીફ ગણાતા હતા. એમની સેવાઓ કઈ રીતે લેવી તે પણ પાર્ટી હાઈકમાન્ડ માટે ચિંતાનો વિષય ખરો જ. વિધાનસભાના અધ્યક્ષ બેઉનો સમાવેશ કેબિનેટ મંત્રીઓ તરીકે કરાયો છે. વરિષ્ઠ દલિત મંત્રી રમણલાલ વોરાનું પત્તુ કપાયું છે. એમની સેવાઓ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકે અથવા સ્પીકર તરીકે લેવાય તો નવાઈ નહીં. સૌરાષ્ટ્રની પાટીદાર લોબીન સાચવી લેવા માટે ચીમનભાઈ સાપરિયા અને જયેશ રાદડિયાનો કેબિનેટમાં સમાવેશ કરાયો છે. દિલીપ ઠાકોર અને કેશાજી ઠાકોરના સમાવેશથી મંત્રીમંડળમાં ઉત્તર ગુજરાતના ક્ષત્રિય ઠાકોર સમાજનું વજૂદ રહ્યું છે. ૨૪ સભ્યોના મંત્રીમંડળમાં સમ ખાવા પૂરતાં જ એક જ મહિલાનું નામ ચમક્યું છે, તે પણ જુનિયર રાજયકક્ષાનાં મંત્રી તરીકે આનંદીબેનનાં વિશ્વાસુ સાથી ગણાતાં વસુબેન ત્રિવેદી કપાયાં છે. દલિત વર્ગની જવાબદારી આત્મારામ પરમારના શિરે આવી છે. આદિવાસી સમાજને વધુ મહત્ત્વ અપાયું છે. સૌરાષ્ટ્રની પાટીદાર લોબીને પણ સાચવી લેવાનો પ્રયાસ થયો છે. ગૃહરાજયમંત્રી રજનીકાંત પટેલનું પત્તું કપાયું છે અને શંકર ચૌધરીને યથાવત્ રખાયા છે. ગંજીફો ચીપવામાં અનેક ગણતરીઓ ધ્યાનમાં લેવાઈ હશે, છતાં નવા પ્રધાનમંડળમાં પરષોત્તમ સોલંકીનો દબદબો યથાવત્ રહે છે, તે કોળી સમાજની વોટબેંકને ધ્યાનમાં રાખીને જ લેવાયેલો નિર્ણય હશે એમ માનવું રહ્યું. જૂના મંત્રીમંડળમાંથી ત્રણ કેબિનેટ કક્ષાના અને છ રાજયકક્ષાના મંત્રીઓ કપાયા છે. હજી સંસદીય સચિવો તરીકે તથા સંગઠન અને બોર્ડ-નિગમોમાં બીજા કેટલાકનો સમાવેશ થઈ શકશે. કેટલાક વર્ષોથી મંત્રીપદું ઝંખતા સિનિયર ધારાસભ્યો બહાર જ રહી જવા પામેલ છે, દા.ત. નીમાબેન આચાર્યને આ વખતે પણ કિસ્મતે યારી આપેલ નહીં. કૅબિનેટ કક્ષાએ બઢતી મેળવવા થનગની રહેલા કેટલાક રાજયકક્ષાના મંત્રીઓને મંત્રીમંડળમાં પોતાનું મૂળ સ્થાન સાચવી રાખી સંતોષ લેવો પડ્યો છે. પ્રદીપસિંહ જાડેજાનું કૅબિનેટ મંત્રી બનવાનું સપનું અધુરું રહ્યું છે. મોદીની બહુ જ નજીકના ગણાતા શંકર ચૌધરીને પણ કૅબિનેટ કક્ષામાં બઢતી નથી મળી, જયારે એમની સરખામણીએ જુનિયર અને કોંગ્રેસમાંથી આવેલા જયેશ રાદડિયાને સાચવી લેવાયા છે. જો કે સિનિયર રાજયકક્ષાના મંત્રીઓને સ્વતંત્ર કાર્યબાર સોંપી રાજી કરી શકાશે. આખી કવાયત તમામ વિસ્તારો અને જ્ઞાતિસમૂહોને એક યા બીજી રીતે હાથ ઉપર લેવાની હોય એમ લાગે છે. અલબત્ત, આવા ધરખમ ફેરફારોથી પાર્ટીનાં અંતરંગ વર્તુળોમાં ઊભો થવાની શક્યતા પણ નકારી શકાય એમ નથી.

# નવી શરતની જમીનમાં પરવાનગી સિવાય કરેલ દસ્તાવેજ લાંબા સમયે નિયમબદ્ધ થઈ શકે

**નવી શરતની તબદીલી લાંબા સમયે પ્રિમીયમ ભરેથી નિયમબધ્ધ કરી શકાશે**




ગણોત ધારાની જોગવાઈ મુજબની કોઈપણ જમીન કલેકટરની પૂર્વ મંજુરી સીવાય અને રાજય સરકાર નક્કી કરે તે પ્રિમીયમની રકમ રાજય સરકારને ચુકવ્યા સીવાય વેચાણ, બક્ષીસ, વિનિમય, ગીરો અથવા નામ ફેરથી તબદીલ થઈ શકે નહિ અગરતો આવા તબદીલીના કરારો, લખાણો કાયદેસર થઈ શકે નહિ તેમજ કલેકટરની પૂર્વ મંજુરી સીવાય આવી જમીનમાં ભાગલા ના પાડી શકાય આવી જમીનોને નવી શરતની જમીન તરીકે આપણે ઓળખીએ છીએ.

પરંતુ કેટલાય કિસ્સાઓમાં હક્કિત જોતા કોર્ટે તેવા કેસોમાં રાહત આપવી જોઈએ તે મુજબનો સિધ્ધાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે ભાઈચંદ નાથાભાઈના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે.

અરજદારે પસયતા, ચોકીદારીવાળી જમીન ખરીદ કરેલ વિવાદીત જમીન નવી શરતની હતી અને સરકારશ્રીની પરવાનગી મંજુરી સીવાય અરજદારે વેચાણ દસ્તાવેજ કરાવેલ જેની ફેરફાર નોંધ ૬ હક્ક પત્રક તથા ૭-૧૨ ના ઉતારામાં થયેલ પરંતુ નવી શરતની જમીન હોવાથી વેચાણ નોંધ પ્રમાણિત થયેલ નહિ.

ત્યારબાદ મામલતદાર દ્વારા સદરહુ જમીન લગત શરત ભંગની કાર્યવાહી કરી અને ડેપ્યુટી કલેકટરે કેસ ચલાવેલ જેમાં એવા તારણો સામે આવેલ કે સદરહુ જમીન નવી શરતની પસાયતા ચાકરીયાત ઈનામી સત્તા પ્રકારની જમીન તરીકે આપવામાં આવેલી હોવાથી અને જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ ના હોવાથી ધારણા કર્તા માત્ર લાયસન્સી યા કબજેદાર ગણાય તેથી પસાયતી જમીનનું વેચાણએ સંપૂર્ણ ગેરકાયદેસર ગણાય જે અરજી પણ નામંજુર કરેલ તેમજ નીચલા બન્ને ટ્રીબ્યુનલના ચુકાદા જીલ્લા કલેકટરે માન્ય ગણી જે કાર્યવાહી થયેલ તેને યોગ્ય ઠરાવેલ તેથી અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ તેમાં ખાસ સચિવના હુકને પડકારવામાં આવેલ જેમાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યું કે અરજદારે ૩૦-૭-૧૯૮૩ પહેલા ઓથોરીટી સમક્ષ કાર્યવાહી કરી હોત તો તારીખ : ૧૧-૬-૧૯૬૮ ના પરિપત્રનો લાભ જરૂર મળ્યો હોત જે પરિપત્રનો લાભ આપવા ઓથોરીટીની ફરજ ગણાય પરંતુ ૧૧-૬-૧૯૬૮ ના પરિપત્રને રાજય સરકાર દ્વારા ૧૩-૭-૧૯૮૩ ના રોજ રદ કરવામાં આવેલ તેથી તબદીલી અંગે ૧૯૬૮ ના પરિપત્રનો અરજદારને લાભ આપવો જોઈએ અને તેના આધારે રાહત આપવી જોઈએ.

અરજદારે જણાવેલ કે પોતે જમીનનો કબજો સાચવવા માટે પ્રવર્તમાન જંત્રીની હાલની કિંમત ચુકવવા તૈયાર છે તેથી અરજદારને રાહત આપવી જોઈએ કારણ કે અરજદારના પિતાને ૨૨-૬-૧૯૬૧ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરેલ અને ૧૯૯૪ માં અવસાન પામેલ ત્યારબાદ પોતે વારસાઈ હક્કે જમીનમાં ખેતી કરતા હતા તેથી ૧૯૬૧ થી આજદિન સુધી કબજો પોતે સાચવેલ છે તેથી રાહત આપવી જોઈએ.

આટલા વર્ષો સુધી ખેતી કરેલ હોય ખેતી માટે જરૂરી ખર્ચો પણ કરેલ છે તેમજ કુટુંબના જીવન નિર્વાહ માટે વિવાદીત જમીન ઉપર પોતે આધાર રાખે છે તેવા સંજોગોમાં જમીન રીગ્રાન્ટ કરવી જોઈએ પોતે જયારે પેનલ્ટી ચુકવવા માટે પણ સમંત હોય ત્યારે આવી જમીન નામે ખાતે કરવી જોઈએ.

ગુજરાત હાઈકોર્ટે ૧૯૬૧ થી સળંગ કબજા હક્કની વિગતો ધ્યાને લઈ તથા અરજદાર પેનલ્ટી ચુકવવા સમંત હોય તેવા સંજોગોમાં વિવાદીત જમીન સરકાર હસ્તક રાખી શકાય નહિ તેથી નીચલી કોર્ટના તમામ હુકમો રદ કરવા જોઈએ તેથી ડેપ્યુટી કલેકટરે ગુજરાત હાઈકોર્ટના હાલના ચુકાદાને ધ્યાને લઈ તથા કેસની હક્કિતો ધ્યાને લઈ સદર કેસમાં નવેસરથી નિર્ણય લેવો જોઈએ.

નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદારને હુકમ કરેલ કે હુકમ તારીખથી પંદર દિવસમાં સોગંદનામું કરી બાંહેધરી આપી વિવાદીત જમીનની પ્રવર્તમાન કિંમતની જંત્રી મુજબની રકમ પોતે સરકારમાં ભરવા સમંત છે.

ગુજરાત હાઈકોર્ટે ઉપરોકત શરતોનુસાર પીટીશન મંજુર કરી નીચલી કોર્ટના તમામ હુકમો રદ કરેલ અને ડેપ્યુટી કલેકટરને નવેસરથી કેસ ચલાવવા રીમાન્ડ કરતો હુકમ કરેલ.

આમ ગણોત ધારાની જોગવાઈ મુજબની એવી કોઈ ખેતીની જમીન કે ડેપ્યુટી કલેકટરની

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આપણે પોતે જ આપણા કાર્યને યોગ્ય રીતે મૂલવતા શીખી જઈએ

કવિ પોતાનું કાવ્ય લખે પછી તરત જ તે રચનાનું તેણે પોતે ભાવક બનવાનુ છે, પોતાની રચના પરત્વે તેનો લગાવ ન હોવો જોઈએ.

માધવ રામાનુજ, કવિ

આપણે જે કંઈ પણ સર્જન કરીએ કે કોઈ કામની જવાબદારી લઈએ ત્યારે આપણે પોતાની જાતને તેનાથી અલગ નથી કરતા. અને તે બાબત જરુરી તેમજ પ્રશંસનીય પણ છે. પણ જયારે એ સર્જન કે કામ થઈ જાય ત્યાર બાદ પણ તેનાથી વળગણ રાખવું અને તેને મળતી પ્રશંસા કે ટીકાને ખેલદિલીપૂર્વક ન સ્વીકારવી તે બાબત ખોટી ગણાય. એકવાર પૂરેપૂરી નિષ્ઠાથી કોઈ સર્જન કરીએ ત્યારે તે શ્રેષ્ઠ જ હોય પણ ત્યારબાદ આપણી જાતને માલિક કે આધિપતી બનાવી દેવાને બદલે આપણે પણ ભાવક બનીને તે કૃતિને જોઈએ તો તેનો આનંદ અનેરો આવે તેમજ આપણને તેમાંથી ઘણું શીખવા પણ મળે. કવિ 'કલાપી' જેવા મહાન કવિ પણ પોતાની કૃતિ વિશે કંઈક આ પ્રકારનું વિચારે છે કે,

'કવિતા! મારી કવિતાને હું કવિતા કહેતો નથી.

હું કવિ છું એવું હું માની જ શક્યો નથી. મને વિચારો ગોઠવતાં આવડતું નથી. મારા જીવનમાં કલા નથી, માત્ર લાગણીઓ છે અને મારી કવિતા પણ તેવી જ છે. હું જે કાંઈ લખું તે મને જ આનંદ આપી શકે તેવુંયે થતું નથી. હું શેલી કે શેક્સપિયર વાંચતો હોઉં છું ત્યારે ઘણી વખત મન થઈ જાય છે જાણે મારી કવિતાને, એ કાગળોને બાળી નાખું.'

કવિતા એ કલાકૃતિની જેમ જ આપણે પોતાની જાતને મા-બાપના સ્થાને મૂકીને ત્યારે બાળકોના ઉછેરમાં આપણો સંપૂર્ણ સમય, ઉર્જા અને શક્તિ વાપરી લેતા આપણે તે જ બાળક મોટો થાય એટલે અપેક્ષાઓના બોજ હેઠળ આપણા પોતાના જ સર્જનને ગુગળાવી મૂકીએ છીએ. આજકાલના મા-બાપ પહેલાં કરતા વધુ પઝેસીવ સ્વભાવ ધરાવનારા બન્યા છે અને તેના કારણે જાણે-અજાણ્યે અવરોધરુપ બની જતા હોય છે. બાળકના પ્રત્યે લાગણી, પ્રેમ અને હૂંફ સંપૂર્ણપણે હોય અને તે આજીવન રહે તે સમજી શકાય તેવી બાબત છે પણ બાળકોના પ્રેમમાં ધૃતરાષ્ટ્ર કે ગાંધારીની જેમ મોહાંધ ન બની બેસીએ તે સંયમ કેળવવો અતિ આવશ્યક છે. આપણે તેના માલિક પણ નથી બની બેસવાનું કે તેની દરેક બાબતમાં આંધળો વિશ્વાસ પણ નથી મૂકવાનો. બાળકનો ઉત્તમ ઉછેર કર્યા બાદ તેની સમજશક્તિ અને બુદ્ધિ પ્રત્યે વિશ્વાસ રાખીને તેની પ્રગતિને મૂક પ્રેક્ષક બની માણવાની છે. જેમ એક ચકલી પોતાના ઈંડા સેવી, બચ્ચાને ખવડાવે, પીવડાવે અને ઉડતાં શીખવે છે અને અંતમાં પોતાના એ બચ્ચાને માળામાંથી ઊડી જવા માટે તૈયાર કરે છે તેમ આપણે પણ પોતાના સર્જન-સમા બાળકોને ઉડવા દેવાના છે.

જયારે કોઈ કામ કરીએ કે કોઈ કૃતિનું સર્જન કરીએ ત્યારે એને મળતી ટીકા કે પ્રશંસાની ખૂબ ઊંડી અસર અનુભવીએ છીએ. ઘણીવાર એમ પણ બને કે આપણને આપણું કાર્ય કે આપણી જ કૃતિ સર્વશ્રેષ્ઠ લાગવા લાગે અને તે દિવસથી જ આપણામાં રહેલી જિજ્ઞાસાવૃત્તિનું અવસાન થાય છે. આપણે આજીવન નવું જાણવાની કે શીખવાની વૃત્તિ વિકસાવીએ તો જ આપણી પ્રગતિ થઈ શકે. પ્રગતિ અને સફળતાના ઉચ્ચ શિખર સુધી પહોંચવા માટે આપણી કૃતિની ક્ષતિને આપણે પોતે જાતે જ જોઈ શકીએ, અનુભવી શકીએ તે જ અગત્યની બાબત છે.




'એકવાર શિલ્પી કોઈ મૂર્તિ ઘડી રહ્યો હતો. શિલ્પકામ પૂરું કર્યા પછી તેણે મૂર્તિને ધારી ધારીને નિહાળી, માથું ધુણાવ્યું, અને પછી ત્યાં બેસી પડીને એ રડવા લાગ્યો.'

'કેમ, શું થયું ?' એક મિત્રે પુછ્યું, 'મૂર્તિ તમને સંતોષ થાય તેવી નથી બની?'

આંસુ ભીની આંખે શિલ્પી બોલ્યો, 'આ મૂર્તિમાં હું કશી ખામી જોઈ શકતો નથી?'

'તો પછી દુઃખી શા માટે થાવ છો?'

'એટલા માટે જ. કેમ કે મારા કામમાં મને જો કશી ખામી દેખાતી બંધ થાય, તો એનો અર્થ એ કે મારી શક્તિની હવે ઊતરતી કળા છે.'

આજના આ યુગમાં ખોટી પ્રશંસા કરનારો વર્ગ ઘણો મોટો છે. કોઈ કોઈને સાચી કે યોગ્ય સલાહ આપવામાં માનતું કે સમજતું નથી. 'આપણે શું?' એ પ્રકારનો અભિગમ મોટા ભાગની વ્યક્તિઓમાં જોવા મળે છે ત્યારે સર્વશ્રેષ્ઠ બાબત એ જ છે કે આપણે પોતે જ આપણા કાર્યને યોગ્ય રીતે મૂલવતા શીખી જઈએ. આપણામાં રહેલી ક્ષતિઓને દૂર કરી સુધારવાના પ્રયત્નો કરીએ તેમજ આપણામાં રહેલી ખાસિયત અને આવડતને પિછાણીને આપણા આત્મવિશ્વાસને વધુ સુદૃઢ કરી શકીએ તે જ ઉત્તમ બાબત ગણાય.

- nehalgadhavi101@gmail.com

# નીતિન પટેલને ખો આપી સંઘ-સંગઠનના રૂપાણીને તાજ

આનંદીબહેન પટેલના મુખ્યપ્રધાનપદનો યુગ પૂરો થયો અને વિજય રૂપાણીનો યુગ શરૂ થયો. આવતે વરસે વિધાનસભાની ચૂંટણી આવે છે એટલે મુખ્યમંત્રીપદે રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીપદે નીતિન પટેલ ચાલુ રહેશે કે ભરતની જેમ રામની પાદુકા મૂકીને ''રામ'' અમિત શાહ માટે મોકળાશ કરી આપશે એની ચર્ચા અને તર્ક-વિતર્ક અત્યારથી થવા માંડ્યા છે એટલે ભાજપનો સંઘ સફળતાને વરશે કે કેમ એ વિશે અવઢવ રહેવાની.ભાજપમાં પણ હવે દિલ્હી હાઈકમાંડ જેવો કૉંગ્રેસી પરંપરાનો શબ્દ વપરાતો થયો છે એટલે ૧૮૨ ધારાસભ્યોની વિધાનસભામાં ૧૧૯ સભ્યો ધરાવતી ભાજપના ૪૪ પટેલ ધારાસભ્યો કાંઈક આસમાની સુલતાની કરે નહીં એટલા માટે જ છેલ્લી ઘડી સુધી નીતિન પટેલ મુખ્યમંત્રી બની રહ્યાની વાતો વહેતી કરાવ્યા પછી રૂપાણીનું નામ પ્રગટ્યું.એ પહેલાં તો એ સંગઠનનો વિકલ્પ જાહેર કરી સ્પર્ધામાંથી ફારેગ હોવાનું ચિત્ર ઉપસ્યું હતું.

સાડા ત્રણ દાયકા પછી ગુજરાતને વણિક મુખ્યપ્રધાન મળ્યા છે.જોકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને પક્ષના સંગઠનમાં કામનો તેમનો અનુભવ પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં તેમને અનુકૂળતા કરી આપશે,પણ સમય ઓછો છે એટલે રાત નાની અને વેશ ઝાઝા જેવો તાલ છે.દિલ્હીનો રિમોટ કેટલી મોકળાશ આપશે એ જોવાનું છે. પાટીદાર આંદોલન,ઉના દલિત અત્યાચારકાંડ,ઓબીસીનો અજંપો હજુ પડકાર બનીને ઊભો જ છે.અત્યાર લગી રાજ્યમાં બે મુખ્ય પક્ષો જ ચાલે એ વાતને ભાજપમાંથી ''આપ'' ભણી ફંટાયેલા નેતાઓ અને બીજા પક્ષોની ઉપસ્થિતિ મિથ સાબિત કરે એવું પણ બને.આનંદીબહેન વંકાયેલાં છે પણ એમનું દિલ્હીશ્વર આગળ કેટલું ચાલશે એ રૂપાણીની વરણીમાં જ પરખાઈ ગયું છે.

ભારતીય જનતા પક્ષના નેતાઓ ચોફેર આનંદીબહેન પટેલના મુખ્ય પ્રધાન પદના સમયગાળા દરમિયાન એમણે કરેલા મનાતા બેનમૂન કામકાજનાં ભરપેટે વખાણ કરતા હોય ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય છે કે પ્રજા અને સમજદારોને એ સાવ જ 'ભોળા' માનવાનું હજુ ચાલુ છે. કાઠિયાવાડમાં ભોળાનો અર્થ મૂરખ અને બેવકૂફ થાય છે. આનંદીબહેનનું શાસન સુવર્ણયુગ સમાન હતું તો એમને ૭૫ પૂરાં કરે એ પહેલાં મહિનાઓથી વિદાયનાં કોરસગાન કેમ ગવાતાં હતાં? સત્તારૂઢ ભારતીય જનતા પક્ષમાં કાયમ યાદવાસ્થળી જ એને ડૂબાડે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દિલ્હીગમન પહેલાં આનંદીબહેન પટેલની તાજપોશી કરવામાં આવી હતી. એનાથી નારાજ નેતા ઘણા હતા, પણ દિલ્હીશ્વર સામે મોઢું ખોલવાની હિંમત કોઈની નહોતી. આજે પણ નથી. મોદી સંઘના પ્રચારક તરીકે બેઠક લેવા આવતાંની સાથે જ બે-ચાર જણાને ધધડાવી નાંખવાની આદત ધરાવતા હતા એટલે બાકીના કોઈ વિરોધી અવાજ રજૂ કરવામાં પતી જવાનાં એંધાણ મેળવી લે. આનંદીબહેન ગયાં. ફેસબુક પર મોવડીમંડળને વિનવણી કરીને હોદ્દેથી મુક્ત કરવાનો સંદેશ આપીને અમારા જેવાને રીતસર આંચકો આપતાં ગયાંઃ સામાન્ય રીતે પરિપક્વ રાજનેતા લેખાતાં આનંદીબહેન પટેલ ફેસબુકિયાં થઈને જે પ્રકારની અપરિપક્વતા દર્શાવતાં રહ્યાં એનાથી એમને કોઈ રાજભવનમાં ગોઠવવાની બાબતમાં પણ વડા પ્રધાન મોદી માટે મૂંઝવણ મૂકતાં ગયાં.

કડક હેડમાસ્તર રહેલાં આનંદીબહેન પાછાં મહેસાણાના પટેલ પરિવારનાં રહ્યાં એટલે તડને ફડ કરવાની એમની પ્રકૃતિ. રાજકીય લોકપ્રિયતાને બદલે કાયમ કડછા સ્વભાવ માટે ઓળખ ઊભી કરતાં રહ્યાં. જોકે કામની બાબતમાં ત્વરિત અને કડવા નિર્ણયો લેવા માટે જાણીતાં આનંદીબહેનને છેલ્લા ઘણા દાયકાથી મોદીનું સુરક્ષાચક્ર ઉપલબ્ધ હતું. મોદીના ગુજરાતવટા દરમિયાન પણ કેશુભાઈ સરકારમાં એ એકમેવ મોદીનિષ્ઠ પ્રધાન હતાં. પ્રાધ્યાપક પતિ ડૉ. મફતલાલ પટેલ સાથેનું લગ્નજીવન સુખી નહોતું, છતાં છુટ્ટા મોંઢાના મફતલાલની તુલનામાં એ ખૂબ જ પરિપક્વ અને ધીરગંભીર લાગ્યાં છે. 'મારા ઘરમાં શાક કયું બને એ પણ નરેન્દ્ર મોદીની ઈચ્છા પર અવલંબે છે.' એવું અખબારી ઈન્ટરવ્યૂમાં કહેનારા મફતલાલે વિદેશયાત્રાઓ માટે વિસા મેળવવા માટે દીકરી અનાર મારફત રાજ્યનાં મિનિસ્ટર આનંદીબહેન કનેથી પ્રમાણપત્ર મેળવવું પડતું. અમારા ગાંધીનગરના સરકારી બંગલે ડૉ. કાન્તિ રામી સાથે આવીને મિત્ર ડૉ. મફતલાલ અમને ક્યારેક કહે પણ ખરા કે આનંદીબહેનને કહેજો કે હવે મને ખીચડી બનાવતાં આવડી ગયું છે. અમે એમને ટોકીએ પણ ખરા, પણ મફતલાલ તો મફતલાલ. પ્રધાન તરીકે આનંદીબહેનનો વહીવટી તંત્ર પરનો અંકુશ ખુબ હતો, પણ મુખ્ય પ્રધાન બન્યા પછી સત્તાનાં અનેક કેન્દ્રો થતાં અને બિગ બ્રધર ઈઝ વૉચિંગના વાતાવરણે એમને કાયમ માટે જાણે કે એકલાં પાડી દીધાં.

હમણાં એમણે પોતે જ ફેસબુક પર સંદેશ મૂકીને મુખ્ય પ્રધાન પદેથી ફારેગ થવાનું જાહેર કર્યું એ એમની અપરિપક્વતા જ લેખાય. જોકે એ ખૂબ જ ત્રસ્ત હશે. કશી બાજી એમના હાથમાં નહોતી એનો અનુભવ કરતાં હશે. મહત્ત્વના નિર્ણયો કરવા માટે પણ મોદી, અમિત શાહ અને વિજય રૂપાણીએ એમને વિવશ બનાવી મૂક્યાં હતાં. નીતિન પટેલ નંબર ટુ હોવા છતાં વિશ્વાસ મૂકી શક્યાં નહોતાં. ઓછામાં પૂરું, પાટીદાર અનામત આંદોલને એમણે કરેલા બેફામ વાણીવિલાસે પક્ષ અને પ્રધાનમંડળના સાથીઓથી એમને અલગ પાડી દીધાં. દિલ્હી જઈને અખબારોને મુલાકાતો આપી નિવૃત્ત થવાની અને અનારને રાજકારણમાં રસ નહીં હોવાની ઘોષણાઓ કરતા ઈન્ટરવ્યુ આપીને પાછા આ ઈન્ટરવ્યુ માહિતી ખાતાના માધ્યમથી સર્વત્ર પહોંચતા કરાવ્યા. દિલ્હી સામે ગુસ્સો ઠાલવવાની આ પદ્ધતિ આત્મઘાતી હતી. પક્ષ ભીંસમાં હતો એટલે દિલ્હીએ બહેનને થોડાં રાજી કરી લેવા સાચવવાનો પ્રયાસ કર્યો અને બહેન પાછાં દોડતાં થઈ ગયાં. ભાષણો આપતાં થયાં. મોદીની જેમ જ એમના ભાષણોમાં ટીમ ગુજરાતને બદલે હું કેન્દ્રસ્થાને આવતું થયું.




મુખ્ય પ્રધાન પદના સ્પર્ધકોને પતાવવાના ખેલ અગાઉ મોદીયુગમાં થયા હતા, એવા જ ખેલ ફરી આરંભાયા. સંઘ પરિવારના જ માણસોના માધ્યમથી જ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જેવા કેબિનેટ પ્રધાનને વિવાદમાં સંડોવવાના કારસા રચાયા. પક્ષની યાદવાસ્થળી સાથે જ અનાર કાંડ, ઓબીસી મંચના અલ્પેશ ઠાકોરનાં આંદોલન, ઉના દલિતકાંડ ખૂબ ગાજ્યાં. મોદીએ ઓઝલ રાખેલાં ગુજરાત મોડેલનાં પ્રતિકૂળ પાસાં આનંદીબહેનના મુખ્ય પ્રધાન પદના સમયગાળામાં બેનકાબ થવા માંડ્યા. સૌથી વધુ સંવેદનશીલ બાબત તો ગુજરાત વિકાસ મોડેલ નિષ્ફળ હોવાની રાષ્ટ્રીયસ્તરે ગાજવા માંડી અને વિપક્ષોએ એનો લાભ લીધો એટલે વડા પ્રધાન મોદી માટે પણ ભારે મૂંઝવણ સર્જાઈ.

મોદીના પેંગડામાં પગ ઘાલવાની હેસિયત આનંદીબહેન પોતે જ વિદાયવેળા 'આકાશના તારા ગણવા સમાન' લેખવા માંડ્યાં હતાં. વિરોધ પક્ષ ગુજરાતમાં કાં તો ભાજપની બી-ટીમ તરીકે મિત્ર-લડત લડી રહ્યો હતો અથવા તો એની હતાશા-નિરાશા અને યાદવાસ્થળીય બેપાંદડે હતી. આવા સંજોગોમાં ગુજરાત વિકાસ મોડેલનાં ભોપાળાંનો ફુગ્ગો ફોડી નાંખવાનું સૌપ્રથમ કામ વિશ્વ હિંદુ પરિષદના સુપ્રીમ ડૉ.પ્રવીણ તોગડિયાએ ગુજરાત શાખાના સુવર્ણ મહોત્સવના 'બૌદ્ધિક'માં કર્યું. એમણે રીતસર ગુજરાત મોડેલનું ચીરહરણ કર્યું.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને પણ કૉંગ્રેસને જીવતદાન અપાવવા માટે આશા બંધાઈ. વર્ષ ૨૦૦૪માં કેન્દ્રના પ્રધાન તરીકે વાઘેલાએ મુખ્ય પ્રધાન મોદીને જેલવાસી કરવાની કરેલી દરખાસ્ત '૧૦, જનપથ' સમક્ષ પહોંચાડવાની ઘણી

આભાર - નિહારીકા રવિયા મથામણ કરી હતી, પણ ત્યાં એમને મોદી-અહેમદ પટેલની મૈત્રી કે જુગલબંધી કાળોતરો બનીને આડી ઉતરી હતી. ડૉ. તોગડિયાની પોતે મુખ્ય પ્રધાન તરીકે ધરપકડ કરી હતી એ અનુભવને આગળ કર્યો છતાં વાઘેલાની વાતને કૉંગ્રેસના મોવડીમંડળે કાને ના ધરી. એમાં જ સ્તો કૉંગ્રેસ પતી ગઈ અને મોદી વડા પ્રધાન બન્યા.

જોકે જિલ્લા પંચાયતો અને પાલિકાઓની ચૂંટણીઓમાં ભાજપને જે લપડાક પડી એણે કૉંગ્રેસને આશા બંધાવી કે મહેનત કરે તો ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી પણ જીતી શકાય. કૉંગ્રેસમાં મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર ઘણા છે. કોણ ક્યારે ઠેકડો મારીને ભાજપમાં જશે એ કહેવાય નહીં, 'આપ' પક્ષ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ ઉપરાંત બહુજન સમાજ પાર્ટી કોના વોટ કાપે એ કહેવું મુશ્કેલ છે.

જોકે આ બધાની વચ્ચે પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે વિજય રૂપાણી ઘોષણા કરતા રહ્યાઃ '૨૦૧૭ની ચૂંટણી આનંદીબહેનના નેતૃત્વમાં લડાશે.' ભાજપને વિજયની ભારે આશા હોવાનું નિવેદનોમાં ઝળકતું હતું, પણ અંદર કેટલું બોદું છે એ સૌ કોઈ જાણતું હતું. એટલે જ આનંદીબહેન પટેલનો આઘાત આવી પડ્યો. હવે ગુજરાત ભાજપની નૈયાને ડૂબતી બચાવવા માટે દિલ્હીશ્વર અને અમિત શાહ કઈ ઈલમની લાકડી ફેરવશે એ કહેવું મુશ્કેલ છે. જોકે મોઢું ખોલીને કૉંગ્રેસ પતાસું પડવાની પ્રતીક્ષામાં છે.